રવિવારીય પૂર્તિ

# Kids કોર્નર

**Hello Kids.**

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in



## દરિયાઈ પરી

**વારતા રે વારતા**

એક વખતની વાત છે. દૂર, ઊંડા અને રહસ્યમય દરિયાના તળિયે એક સુંદર દરિયાઈ પરી રહેતી હતી. તેનું નામ મોરીના હતું. મોરીનાને ચમકતી લીલી-વાદળી પૂંછડી, ચાંદની જેટલી નિર્મળ ત્વચા અને મોતી જેવી ટપટપતી આંખો મળી હતી. દરિયામાં રહેતા બધા જ માછલીઓ, કાંકડા, જેલીફિશ અને કાચબાઓ તેને બહુ પસંદ કરતાં, કારણ કે મોરીનાના હૃદયમાં દયા અને પ્રેમ ભરેલો હતો.

મોરીનાનું એક મોટું સ્વપ્ન હતું – એક દિવસ દરિયાની ઉપરની દુનિયા જોવાની અને જાણવાની કે લોકો કેવી રીતે રહે છે. પરંતુ તેની દાદી, જે આખા દરિયાનું જ્ઞાન ધરાવતી પરી હતી, હંમેશા કહેતી:

"મોરીના, ઉપરની દુનિયા સુંદર છે, પરંતુ જોખમી પણ છે. ત્યાં સુધી ન જજે, જયાં સુધી તું પૂરતી સમજદાર અને સાવધાન ન બને."

મોરીના દાદીની વાત માનતી હતી, પરંતુ સપાટી તરફ ઊગતા પ્રકાશને જોઈ તેની આંખોમાં હંમેશાં ઉત્સુકતા છલકાતી. ઘણી વાર તે ઊંડા પાણીમાંથી ઉપર ચડીને દૂરથી જહાજોને જોયા કરતી અને કલ્પનાઓ કરતી કે એ વિચિત્ર દુનિયામાં શું-શું હોય હશે.

એક દિવસ આવું કંઈક બન્યું કે મોરીનાનું જીવન જ બદલાઈ ગયું. દરિયાની નજીક એક મોટું પ્રવાસી જહાજ આવ્યું હતું. જહાજ પર અનેક લોકો આનંદ માણી રહ્યા હતા. એમાં એક નાની છોકરી પણ હતી, જે રેલિંગ પાસે ઊભી થઈ દરિયાનું પાણી હાથથી સ્પર્શવાનો પ્રયાસ કરી રહી હતી. અચાનક જહાજ હચમચાયું અને છોકરી પાણીમાં પડતી રહી. તેને તરતા આવડતું નહોતું, તેથી તે ડરીને મદદ માટે બૂમો પાડવા લાગી.

મોરીનાએ આડમાં તેનાં અવાજો સાંભળ્યા. દાદીનો ચેતાવણીભર્યો ઉપદેશ તેના મનમાં ગુંજ્યો, પરંતુ છોકરીની મુશ્કેલી જોઈને મોરીના એક ક્ષણ માટે પણ અટકાઈ નહિ. તે ઝડપથી ચમકતી પૂંછડી મારી પાણીની સપાટી તરફ દોડી. ઉપર પહોંચી તે જોયું કે છોકરી પાણીમાં તણાઈ રહી હતી.

મોરીનાએ તરત જ છોકરીને સહારો આપ્યો અને તેને પકડે રાખી જહાજની તરફ તરવા લાગી. ઉપરના માણસો હેરાન થઈ ગયા – પાણીમાંથી એક અજાણી ચમકતી આકૃતિ! પરંતુ કોઈ કંઈ સમજી શકે તે પહેલાં મોરીનાએ છોકરીને નજીક પહોંચાડી અને જહાજના લોકો તેને ઉપર ખેંચી લીધાં.

એક માણસ મોરીનાને જોયું અને આશ્ચર્યથી બોલ્યો, "આ તો દરિયાઈ પરી જેવી લાગે છે!"

પણ મોરીના એટલામાં જ વળીને ઊંડા દરિયે ડૂબકી મારી અને પાછી પોતાના વિશ્વમાં આવી ગઈ.

તે સાંજે દરિયાનું મહેલ મોરીનાની ચર્ચાથી ગૂંજતું હતું. દરિયાના રાજાએ તેને મહેલમાં બોલાવી.

**રાજાએ કહ્યું: "મોરીના, તું આજે મોટી હિંમત અને કરુણાનું કામ કર્યું છે. ખતરો હોવા છતાં તું એક માનવીની જાન બચાવી. આ સાચી સમજદારી છે"**

રાજાએ કહ્યું: "મોરીના, તું આજે મોટી હિંમત અને કરુણાનું કામ કર્યું છે. ખતરો હોવા છતાં તું એક માનવીની જાન બચાવી. આ સાચી સમજદારી છે."

મોરીનાની દાદી પણ પ્રસન્ન થઈ.

"હવે તું પરિપક્વ થઈ ગઈ છે," તેણીએ કહ્યું, "અને હું તને ઉપરની દુનિયા જોવા દેવાની મંજૂરી આપું છું. પરંતુ નિર્ભય નહીં, સમજદારીથી જવું." આ દિવસ પછી મોરીના ક્યારેક સપાટી તરફ જઈ માનવોને દૂરથી નિહાળી આવતી. દરિયાના જીવો હોય કે માનવો - જે કોઈને મદદની જરૂર પડે તે મોરીના હંમેશા તૈયાર રહેતી. લોકો તેને "સામુદ્રિક દેવદૂત" કહીને યાદ કરતા. અને આમ, મોરીનાની દયા, હિંમત અને સપનાઓની વાર્તા દરિયાના મોતી જેવી ચમકતી બની રહી.

## જન્મતાની સાથે જ બાળક કેમ રડે છે?

**અજબ ગજબ**

હોસ્પિટલમાં જ્યારે કોઈ બાળકનો જન્મ થાય છે, ત્યારે સૌથી પહેલા પૂછવામાં આવતો સવાલ હોય છે કે, શું બાળક રડ્યું? આ સવાલ માત્ર પરિવારજનો માટે જ નહીં, પરંતુ ડૉક્ટરો અને મેડિકલ સ્ટાફ માટે પણ ખૂબ મહત્વનો હોય છે. નવજાત શિશુનું જન્મતાની સાથે જ જોરથી રડવું એ માત્ર ભાવનાત્મક ક્ષણ નથી, પરંતુ બાળક સ્વસ્થ છે અને જીવિત રહેવા માટે તૈયાર છે તેનો સૌથી મોટો વૈજ્ઞાનિક પુરાવો છે.

બાળક જ્યારે માતાના ગર્ભમાં હોય છે, ત્યારે તેના ફેફસાં કામ કરતા નથી. ઓક્સિજન માતાના લોહીમાંથી નાળથી સીધો બાળકના શરીરમાં પહોંચે છે. જ્યારે ડોક્ટર બાળકની નાળ કાપી નાખે છે, ત્યારે તેને પોતાના ફેફસાંથી સ્વતંત્ર રીતે શ્વાસ લેવાનું શરૂ કરવું પડે છે.

ગર્ભાશયની અંદર બાળકના ફેફસાં પ્રવાહીથી ભરેલા હોય છે. બહારના ઠંડા વાતાવરણ અને નવા દબાણને કારણે ફેફસાંની આ પ્રવાહી-ભરેલી જગ્યામાં હવા ભરવા માટે બાળકને સૌથી વધુ જોરદાર પ્રયાસ કરવો પડે છે. આ જોરદાર હવા ખેંચવાનો પ્રયાસ જ બહાર રડવાના અવાજ તરીકે સંભળાય છે, અને દર્શાવે છે કે બાળકના ફેફસાં સફળતાપૂર્વક ખૂલી ગયા છે અને શ્વાસ લેવાનું શરૂ થઈ ગયું છે. નવજાત શિશુના ફેફસાંમાંથી વધારાનું પ્રવાહી બહાર કાઢવું ખૂબ જ જરૂરી છે. જો પ્રવાહી ફેફસાંમાં રહી જાય, તો બાળકને શ્વાસ લેવામાં તકલીફ થઈ શકે છે. મોટા ભાગના બાળકો જન્મના 30 સેકન્ડની અંદર રડવાનું શરૂ કરી દે છે. જો બાળક જોરથી ન રડે અને લાંબા સમય સુધી શાંત રહે, તો ડૉક્ટરને ચિંતા થાય છે. તેનો અર્થ એ હોઈ શકે કે, બાળકને શ્વાસ લેવામાં મુશ્કેલી પડી રહી છે. ડૉક્ટર તરત જ હળવેથી થપથપાવે અને બાળકને રડવા માટે પ્રયાસો કરે છે, જેથી બાળક રડીને શ્વાસ લેવાની પ્રક્રિયા શરૂ કરી શકે. બાળકનું રડવું એ એક કુદરતી પ્રક્રિયા છે, જે ફેફસાંમાં રહેલા વધારાના પ્રવાહી અને લાળને બહાર કાઢવામાં મદદ કરે છે, જેથી ફેફસાં સ્વસ્થ હવાથી ભરાઈ શકે. રડવાથી બાળકના શરીરમાં લોહીનું પરિભ્રમણ (Blood Circulation) પણ યોગ્ય રીતે શરૂ થાય છે. રડવા દરમિયાન વધતું બ્લડ પ્રેશર લોહીને શરીરના તમામ ભાગોમાં અસરકારક રીતે પહોંચાડવામાં મદદ કરે છે. ડૉક્ટરોનું બાળકના રડવા પર ભાર મૂકવાનું કારણ એ છે કે, રડવું એ બાળકની શ્વસન પ્રણાલી, ચેતાતંત્ર (Nervous System) અને પરિભ્રમણ પ્રણાલી સ્વસ્થ રીતે કામ કરી રહી હોવાનો મુખ્ય સંકેત છે. બાળક જન્મતાની સાથે હસી શકતું નથી કારણ કે હસવા માટે જરૂરી સ્નાયુઓ અને સંચાર (Communication) ક્ષમતા તે સમયે વિકસિત થયેલી હોતી નથી.



## હેપ્પી બર્થડે



નામ : રિયાંશી સુતરીયા
માતા : રીંકલ સુતરીયા



નામ : વેદ શાહ
માતા : ચાશી શાહ

## રસ્તો શોધો



## તફાવત શોધો





## ટપકાં જોડો



## શબ્દો પૂરો




## PUZZLE ZONE

ડૉ. ચંદ્રેશ જરદોશ

### SIGN GAME (Q1)

ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 9 | | 7 | | 5 | | 3 | = | 08 |
| 2) | 9 | | 7 | | 5 | | 3 | = | 21 |
| 3) | 9 | | 7 | | 5 | | 3 | = | 33 |

### CHANGE THE WORD (Q2)

આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| M | A | D |
| | | |
| | | |
| P | E | N |

### CHHOTA SUDOKU (Q3)

આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| | | 6 |
| 2 | | |
| | 9 | |

વર્તુળો: 18, 26, 22, 26

### BROKEN WORDS (Q4)

નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલી ચાવીની મદદથી જોડીને લશ્કરને સંબંધિત 7 શબ્દોના નામ બનાવો...

| | | | | |
|---|---|---|---|---|
| ION | BO | TT | TE | BE |
| GHT | BA | CO | FI | AC |
| KS | AT | SE | LE | OTS |
| RET | BA | RR | UR | NT |

| ચાવી | શબ્દો |
|---|---|
| 5 અક્ષર | 3 |
| 6 અક્ષર | 2 |
| 8 અક્ષર | 1 |
| 9 અક્ષર | 1 |

જવાબ
1. BERET
2. BOOTS
3. FIGHT
4. BATTLE
5. COURSE
6. BARRACKS
7. ATTENTION

### જવાબો

Q1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 9 | + | 7 | - | 5 | - | 3 | = | 08 |
| 2) | 9 | - | 7 | + | 5 | × | 3 | = | 21 |
| 3) | 9 | + | 7 | - | 5 | × | 3 | = | 33 |

Q2

| | | |
|---|---|---|
| M | A | D |
| M | A | N |
| P | A | N |
| P | E | N |

Q3

| | | |
|---|---|---|
| 1 | 7 | 6 |
| 2 | 8 | 5 |
| 3 | 9 | 4 |

વર્તુળો: 18, 26, 22, 26